# गुर्जरपति महाराजा धिराज

# सिद्धराज जयसिंह.

નાટકમાં ગવાતાં ગાયનો.

બનાવનાર.

લેરી ભીખારામ શવજી કનૈયા ભાવનગર.

પ્રસિદ્ધ કરનાર.

મણીયાર બાલુભાઈ કહાનદાસ

કવીશ્વરાજ ન્યાહાંળુ પ્રસિદ્ધ કરનાર ભાવનગર.

વાસ્તે

હાલનાં નૌતમનાટક મંડળીને માટેજ.

હાલમે.

મગન ભાઈ ગાર્ગીગય, બાબની કારણું ભાત, [illegible]

ચિનાર જોયા [illegible], ૫૮૬ ગાગડી લાલ.

અમદાવાદ [illegible] ઉદય પ્રેસ.

આવૃત્તિ બીજી—પ્રત ૧૦૦૦



સંવત ૧૯૪૫—સન ૧૮૮૯

કિમત રૂ. ૦-૨-૦

# અગાઉથી ગ્રાહક થનારના નામ

૨૦૧ બુકસેલર મગનલાલ જેચંદ—૧૬૦ પુરૂશોતમ ગીગાભાઇ—૧૫૦ વરજલાલ ગોબીંદદાસ—૧૦૦ પ્રાણજીવન હરખજી—૪૦ મનાણંદ વીઠલદાસ—૨ ઠકર ખેંગાર આણંદજી જુનાગઢવાળા—૨ મેતા મુળશંકર હરજીવન—૨ માનશંકર લક્ષ્મીશંકર વોરા ૧ લક્ષ્મીશંકર પ્રાણશંકર—૧ મેતા લખમીચંદ લવજી ખાવાળા—૧ મીસ્ત્રી નથુ ગોપ—૧ મીસ્ત્રી વીઠલદાસ કરશનદાસ—૧ સુતાર સુંદરજી ખુશાલ—૧ શા. કલ્યાણજી કુબેરભાઈ—૧ મીસ્ત્રી જેઠા દેવરાજ—૧ મીસ્ત્રી ઝવેર જશમત—૧ ઠાકુર માણેકલાલ પાનાચંદ જામનગર વાળા—

☞ આ બુક પોંચતા નાણા દિવશ આઠમાં ભરી જવા નહીંકર ડબલ પૈસા લેવામાં આવશે.

**લી. રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.**

મારાં બનાવેલાં નીચે લખેલાં પુસ્તકો મારી પાસેથી પોણી કીમતે સાગમટી પ્રત મળશે. ટપાલ ખર્ચ માફ કરવામાં આવેલ છે.

ધર્મદર્પણ અંક—૧૨ કિંમત રૂ. ૦—૪—૦ વાંઢા વિલાપ રૂ. ૦—૪—૦ ગુણસાગર નાટક રૂ. ૦—૩—૦ શ્રીકૃષ્ણવિલાસ નાટક રૂ. ૦—૨—૦ રાશલીલાનાટક રૂ. ૦—૧—૦ સોનાગઢ સ્ટેશનનું વર્ણન રૂ. ૦—૨—૦ યુધિષ્ઠિર ગર્વ હરણ નાટક રૂ. ૦—૨—૦ ભર્તુહરી નાટક રૂ. ૦—૨—૦ દો લઘુસંહિતા ગાયત્રી રૂ. ૦—૧—૦ સિદ્ધરાજ જયસિંહ નાટક —૨—૦ મારી શિવાય સુતાર પુરૂશોતમ મેઘજીભાઇ ખિતાગર વરતાની સોસાઈટીના મેનેજર પાસેથી તથા સુતાર વીઠલદાસ કરશનદાસ તથા મુંબઈ મગનલાલ જેચંદ ઓખાને દરવાજે તથા પુરૂશોતમ ગીગાભાઈની કંપની. તથા દાણાના જનરલ વેપારી વરજલાલ ગોબીંદદાસ ઠકર તથા ઠકર પ્રાણજીવન હરખજી બુકસેલર-લી-બી-શંક વીનંતી પૂર્વક સુચના.

મારી દુકાને તમામ જાતની ટોપીઓ તથા ડેપામાં આવતું ઉર્દુ, ફારસી, સંસ્કૃત, ગુજરાતી વીગેરે તમામ બુકો કિફાયતથી મળશે.

**સહી. પ્રાણજીવન હરખજી.**

# ગુર્જરપતી મહારાજાધીરાજ

# સધરાજયસીંહ નાટક.

## ઇશ્વર સ્તુતિ.

સર્વે પાત્રો— રાગ કલ્યાણ.

(શ્રી જગતપતી, પ્રભુ આપ સન્મતી એ ચાલ)

પ્રભુ કૃપા કરો, વિનંતી ઉર ધરો;
અનુચરોને આશરો, તમારો છે ખરો. ટેક.
તારો બાલ તુ રખવાળ, ગૌ બ્રાહ્મણ પ્રતી પાળ;
ઝાડ પહાડને જળ જંતુઓ, સૌની લે સંભાળ. પ્રભુ.
કૌરવ કેરી સભા સમક્ષે, સતી દ્રૌપદી નાર;
નવસો નવાણું પુર્યાં તેં, ચીર સભા મોઝાર. પ્રભુ.
હિરણ્ય કશ્યપ હાથે માર્યો, ઉગાર્યો પ્રહલાદ;
પાડા કેરી પ્રતગા પાળી, દીનાની સાગુનાં દાદ. પ્રભુ.
અગન જ્વાળાની પતી તેમ, પડકયાં નીંભાડામાંય;
બીલાડીનાં બાળ ઉગાર્યાં શ્રીવર થઇને સહાય. પ્રભુ.
કળા કામ કારીગર તમો, અમૃત દ્રષ્ટી આપ;
ભીખન શેવક ભાવ થકી કહે, કષ્ટ અમારા કાપ. પ્રભુ.

( મીનળદેવી પોતાના પુત્ર ને તેનો પીતા દેવલોક થયાથી )

**મીનળદેવી—** [ સહીયર દુઃખ શું દાખવું એ રાગમાં ]

પુત્ર પ્રતાપી તું માહરા, જાણું જ્ઞાન પ્રાણ;
તારે આધારે હું હાવણું, સાલે શોકનાં બાણ. પુત્ર
પીતા મરણ પામ્યા તાહરા, ગયા સ્વર્ગ ભુવન;
બાળક વય છો તું બેટડા, કરવું રાજ જતન. પુત્ર
રાજકાજ કરવા મને, સોંપ્યુ છે સર્વે કામ;
તારે આધારે હું જીવું છું, જાણો આઠે પુત્ર જામ.

---

**સીધરાજ—**

**નારાચ છંદ અથવા ભેરવીની ગઝલ.**

[ચંદ્રમુખાંને એકલી છોડીને હું આવ્યો આહી. એ રાગ.]

તું ધૈર્ય દીલમાં ધરી, સુણો કથા કહું જરી;
છઠીતણા ચુકે નહીં, લખેલ વાત તે ખરી.
અનાદિ આદિ કોઇના, પિતા અમાંડજે નહીં;
ઘડ્યા પડ્યા ભુમીમહીં, સદાય નાશ છે શહી.
ઉદાશવૃત્તિ છોડિને, કરો સુધર્મ કામને;
નિતિ દયા દિલે ધરો, રટો રૂડાજ રામને.
અસુર સુર માનનો, રૂપિ ગણો સધર્મને;
પ્રવર્તિને સુખી રહે, કરેલ કર્મ પર્મને.
કરો સુરાજ રીતીશું, દુખાં સમુદ્ર ડોળવો;
પ્રજા ગણો સપુત્ર માય, ન્યાય સત્ય તોળવો.

---

**મીનળદેવી**—[જોડી તમે નવ જોઇ માડી એ રાગ]

આપણો દેશ બધો ફરવો, આપણો દેશ બધો ફરવો;
કળા કામ કારીગર છે, ગુજરાત દેશ ગરવો. ટેક.
રાજ આબાદીપર રાખે; (૨)
દુશ્મન દેખી દગલબાજ, કદી, નજર કુડી નાખે.
જરા પણ મારૂં આ જોઇ; (૨)
થઇ હુશીયાર શૂરાપણામાં તું, ફાવે નહીં કોઇ.
જયુન આ વખત કુડા જાએ; (૨)
એકલ આંબા વૃક્ષ જંગલમાં, તે ઉડી જાએ.
તેથી કરો સંપ સગા સાથે (૨)
દુશ્મન ડરથી દૂર [illegible], મુંઝાશે માથે.
મુસાફરી કરતા તું ભારી, (૨)
સાથ ચાલને સુજ્ઞ ચતુર બની, આને હુશિયારી.

---

**સોધરાજ**— **બીજારાગની ગઝલ.**

ગાત વાત માવડી!, સુણો તમે સદાય;
બાળક છઉં પણ, દેશ તેનું તે છુપી ન જાય.
દુશ્મનોની ભીડ દેખી, નવ ડરૂં લગાર;
દરીયાનું બતાવું પાણી, નાંખ્યે ને નિરધાર.
દેશમાં રટણ કરતું, પંડીતોની પ્રીત;
કંચની કળા પીછાનું, રાજ કેરી રીત.
શાસ્ત્ર સકળ મંત્ર જંત્ર, ચૌદ વિદ્યા વાત;
વેદ ધર્મ ધ્યાન ગ્યાન, દાન માન સાથ.

[ફરવા જાય છે ગયા પછી માળવાનો રાજા યશોવર્મા લડાઇ કરવા આવે છે તેની સાથે લડાઈ ન કરતાં પ્રધાને રૂશવત આપી પાછો વાળ્યો સીધરાજને ખબર પડવાથી પોતાની માતા પ્રત્યે.]

---

**સીધરાજ—** રાગ ભેરવ (સુરપાળ તમે મુકી આવો એ રાગ)

વીપરીત કર્યું અતી બુરૂં, ખોટ લગાડી ગુર્જરને. ટેક.
આપ મુવા વિણુ સ્વર્ગ ન મળશે, દુશ્મન દળનું જોર અકળ છે;
તાન નહીં ટળશે ડાગ શત્રુને, એ વિચારમાં ઝુરૂં. ખોટ.
વેર લેવું શત્રુની સામે, જેગ જગતમાં કીર્તી જામે;
ડાઝયા ઉપર દીધો ડામે, કાંઇ ન રાખ્યું અધુરૂં. ખોટ.
ક્ષત્રી કેરો ધર્મ બજાવું, વિજય તણા ડંકા વગડાવું,
ક્ષણુ નહીં હવે ખોટી થાવું, પાણી બતાવવું પૂરૂં. ખોટ.

---

**મીનળદેવી— કુમરી ભેરવીની ચાલમાં.**

(મેં તો શાહજાદે હું ઢન ચલીયારે એ રાગ)

સુણુ પુત્ર પ્રતાપી તું પ્યારારે. ટેક.
બાળક વય છે તારી બેટા, સુખ દુઃખના છે વારારે. સુંણુ.
કોમળ વય કિશોર પણું છે. કયાં ઈંદુ કયાં પારાર. સુંણુ.
બળીયા સાથે બાથ બીડવી, આખર થાય ખુવારારે. સુંણુ.
દયા નહીં દુસ્મનને આવે, અંગ ઝરે અંગારારે. સુંણુ
યુદ્ધ વખત નથી તું કુંવારો, દીકી નથી કોઇ દારારે. સુંણુ.
કોમળ વદન મનોહર કાંન્તી, નોધારાં આધારારે. સુંણુ.
(અયોધ્યા પતીની કુંવરી બાગ ન્યાળીને દાસીયો પ્રત્યે.)

મધુમુખી— રાગ માઢ.

હે સહીયર સુંણને વાતરે, આ વનલત્તા શું ફળી;
વૃક્ષ ખીલ્યાં છે આ વસતરે, કાચી કળીયો શું લળી. ટેક
ચંબેલીને ચંપો મરવો, દાડમને વળી • દ્રાક્ષ;
તે પર સુડા સાટકે છે, સુંદર લાગે સાખ. હે૦
લાલ ગુલાબી શ્વેત કળીપર, મધુકર કરત ગુંજાર;
કોકીલ આંબા ડાળ ચડી કરે, ટહુકા વારંગવાર. હે૦
મોર મનોહર શોર સુડા શુક, ચાતક ચીતમાં ચહાય;
પીયુ પીયુ તે પુકારે વનમાં, આનંદ ઉત્સવ થાય. હે૦
પંખી પોત પોતાને માળે, બેશી ઉડાવે બહાર;
કાંન્ત વિના દિલ શાંન્ત ન થાએ, લક્ષ વસાથીલગાર. હે.

---

દાસી— કેરબો.

સાંભળ શાંણીવાત જાણી, વદું એક વાણીરે.
વદું એક વાણીરે, કેવી સાચી કાણીરે; સાંભળ.
બાળપણાની તું સાહેલી, કરતાં વિદ્યાભ્યાસ;
મીન ટળવળે જળની વીના, આપ વીના ઉદાશ. સાંભળ.
પડે પારખું પુરૂષ પ્રીયાનું, પંથે કાં પાડોશ;
અમૃતનાં ફળ મધુરાં આવે, સુખ થકી સંતોષ. સાંભળ.
હું અજ્ઞાની ભોળી કાસી, ઘેલીના કિરતાર;
મૈત્રી ભાવ બતાવું મારો, અરે સખી આ વાર. સાંભળ.
સિદ્ધરાજની છબી બતાવું, છે સોલંકી જાત;
લક્ષણ બત્રીશ વાળો જેણે, ઘેર કર્યો ગુજરાત. સાંભળ.

છબી બતાવે છે તે કટાક્ષથી નિહાળી મધુમુખી તેને વરવા માટે એક બ્રાહ્મણને કાગલ લખે છે ને તેની સહીયરને વંચાવે છે,

---

**મધુમુખી—** રાગ ગુરૂ ગોવીંદના મહીનાનો.

અણુહીલપુર પાટણ માંય, આપ બિરાજ્યારે;
છબી દેખી સંતોષે કાય, રૂડા છો રાજારે.
આપ રૂપ ગુણ સુંણી ઉલ્લાસ, પથે પળજોરે;
અયોધ્યામાં છે મારો નિવાસ, વહેલા વળજોરે.
તમ દર્શન કેરી આશ, દિલમાં ધારૂંરે;
આંહી રચ્યો સ્વયંવર ખાસ, મંન છે મારૂંરે.
વેગે આરોપું તમ વરમાળ, નીશ્ચે જાણોરે;
અંદેશો અંતર તતકાળ, જરા નહી આણોરે.
પત્ર વાંચીને પલભર ખ્યાલ, પાણી પીવારે;
નવ રોકાશો પ્રાણનાથ, દીસે કુળ દીવારે.
બીજા મારેછે ભાઇને બાપ, ધીરજ ધરજોરે;
ખરૂં કહુંછું જાણો શુદ્ધ આપ, ઢીલ ન કરજોરે.

બ્રાહ્મણ સ્વયંવરની કંકોત્રી આપી એક બીજો કાગલ આપે છે તે વાંચી સીધરાજ પાછો કાગલ લખી આપેછે. "

---

**સીધરાજ—(સ્વગત)** હરીગીત છંદ [અગર સોરઠની ગઝલ]
(મદ મત લોચન ડોલતો અસી એ રાગ)

મુજ પ્યારી તારા પ્યારનો, હું ચિતાર ન્યાળી ખુશી થયો;
આનંદ સાગર ઉછળ્યો, દુધે ઉઠયો ઘન મન રહ્યો.

દશ દીનમાં આવું અયોધ્યા, નારી નીશ્ચય જાણજો;
છેલ્લું સ્વરૂપ સિધરાજ, દેશ ગુર્જરપતીજ પીછાણજો.

બ્રાહ્મણને વાર લાગવાથી અયોધ્યામાં સખી પ્રત્યેક

---

મધુમુખી—શીતાજીના મહીનાનાનો રાગ

સખી સાંભલ માહરી વાત, કાગળ લખ્યો કંથને;
સમાચાર આવ્યા નહીં કાંઇ, મોટા ગુણવંત છે.
સીંહ બચ્ચા ને કદી સદાય, શીખવવું પડે નહીં;
એ તો અચરજ મનમાં થાય, થયું હશે શું શહી.
સીધરાજ વિના બીજા સર્વ, મારે ભાઇ બાપ છે;
કર્યુ દ્રઢ મેં દિલની માંય, શાસ્રો તણી છાપ છે.
ભોગી ભમર પડયો ભુલાવન, અધીરી એથી સઈ;
નવરંગીત જોબન તન, બહુ વિહવળ થઈ.
આવ્યા બીજા રજવાડાના ભૂપ, સ્વયંવર કારણે;
સીધરાજ કેરૂં જે સ્વરૂપ, બેસી ઝુરૂં બારણે.

---

શાહીયર—ધનાશ્રીની ગઝલ.

કરશે જય કીરતાર, સાણી સખી કરશે જય કીરતાર. ટેક.
ધીરજનાં ફળ આવશે મીઠાં, આવશે રાજ કુંમાર. શાણી.
ગાફલ નથી એ ગુર્જરના પતી, છે દિલના દીલદાર. શાણી.
બરજોબન વનકુંજ ખીલેલી, મધુકર કરત ગુંજાર. શાણી.
નીર સીંચી તરૂ માળી ફળ શું, રૂતુવીના ન થનાર. શાણી.
ચીંતા હશે એના ચીતની અંદર, આવશે નૃપ નીરધાર શાણી.

(મધુમુખી સખીયો લઇ બાગમાં વસંત પુજવા જાય છે ત્યાં શીતળ થઈ મધુમુખી—(સખીયો પ્રત્યે) હે કુદરતના કરનાર ખળકના સ્વામી એ)

વન લતા ખીલી શું આજ, કુસુમ કળીયોથી;
પ્રફુલીત પુષ્પ ગર કાણ, જોબનને જોતી.
સૌ ભાગી સુડલો શાન્ત, ફરે છે વનમાં;
સખી પ્રાણનાથની વાત, આવે છે મનમાં.
આ મોર મનોહર શોર, બપૈયા બોલે;
આ વૃક્ષ વસંત વિનોદે, જોબને ઝુલે.
ફાલ્યા આંબા ફળ ફાલ, ઓઢે જેમ સાડી;
આ લાલ પીળાંને શ્વેત, ફુલી ફુલ વાડી.
ગંભીર ગુરજરપતી રાય, ગયા સંતાઈ;
મનની મનમાં રહી જાય, હાય દુઃખદાઇ;

---

**સીત્રરાજ**—રાગ ઉપરનો. એટલામાં
વન જોગન કરન પૂકાર, ભમર આ ભમતો;
લેવા દુનીયામાં લાભ. રંગમાં રમતો.
મુજ નામ જાણો સીત્રરાજ, આવ્યો તમ માટે;
જેમ તેતરપર છે બાજ, કરો ન ઉચાટે.
અરે ખલક ખોદીને, ખબર પલકમાં લાવું;
જે મુખમેં ચાવ્યાં પાન, આવળ નવ ચાવું.
જે કરે જીવ કુરબાન, મારૂં તે માટે;
સોંપી દઉં સર્વ શરીર, વીચાર્યું વાટે.

મર મળ્યો ભૂપતી સાથ, સ્વયંવર ટાણે;
મૂકાવું સહુનાં માન, સુગે સહુ જાણે.
માટે કરો નહીં ઉચાટ, પ્રાણની પ્યારી;
આવ્યો છું જલદી આંહી, કારણે તારી;

---

**મધુમુખી—** સોરઠની ગઝલ ( રીગીત છંદ )
(મદમત લોચન ડોલતો —લીને. ક.મ આવે કોપતો એ).
પ્રાણનાથ હું પ્રીયા તમારી, અન્યની ન થનાર તે;
આપું છું આજ વચન, નીશ્ચય જાણજો નિરધાર તે;
સીંહણ પડે સો લાંધણે, કદી ઘાસ તે પરખે નહીં;
હંસા રહે ઉપવાસ, મોક્તિક, અવર આરોગે નહીં.
દિલદાર પ્રાણાધાર, પ્રીયપતી મળ્યા પારશ મણી;
કંચન બરાબર દેહ થઇ ગઇ, ગંભીરા ખુશી છું ઘણી.
આરોપું હું વરમાળ, જે તતકાળ, આપ કને રહી;
સુખ સુર્ય ઉદય થશે, અખંડીત, પૂર્ણ તેજ પ્રભાથઇ.

---

**સીધરાજ—** રાગ ઉપરનો.
બલીહારી તારા પ્યારને, દિલદાર ચિત હરનાર છો;
પટરાણી મારી થઈ પ્રીયા, તુજ રૂપ તેજ અંબાર છે;
કરીને કટાક્ષ, કુદી પડે, મૃગ, ફાળ ભર તું વન વિશે;
હે પદ્મણી તુજ પ્રેમ પરથી, વારી જાઉં મન વશે.
મર રાજ જાય સદાવડું, કરૂં ઝંગ જો કદી તે વતી;
કુરબાન છે શીર તુજ ઉપરથી, પ્રાણપ્યારી છો અતી.

મધુમુખી મુર્છીત થઇ પડી જાય છે ત્યાં સર્વે દાસીયો.

---

**દાસીયો—** મારા સ્વામી બોલોની વાલા એ રાગ.

પ્રીતી તણી લગની કેની લાગી; અણચીંતવી આ કટારી વાગી. ટેક.
જુવે નહીં કુળ કદી કામી, હજી તેને ભેટયો નથી સ્વામી. પ્રીતી.
કુંવારીને લંછન શીર લાગે, સ્વામી વીણ અવર પુરૂષ ત્યાગે. પ્રીતી.
સ્વયંવર ગાંય સુણાઓ ગાણા, મોટા મોટા આવ્યા નથીજ ગણા. પ્રીતી.
ખરે નવ જોબન શું ખીલ્યું, ધીરજ છોડી દિલ કર્યું ઢીલું. પ્રીતી.

સ્વયંવરમાં મધુમતી ગિધરાજને વરમાળા આરોપી અણહીલ પુર જાય છે પછી સીધરાજ મોટી કચેરી કરી કંચનીયોને બોલાવે છે તે આવીને.

---

**કંચનીયો—** (રહો દીન દીનરે પ્રજા પ્યાર. એ રાગ)

તપો તપો ગાદીરે, ધ્રુવ સામાન. ટેક.
રાજ નીતીની રીત જાણો છો, ચોદ વીધા ગુણ જાણ. તપો તપો.
એક આરે પીએ સીંહ અજાગળ, ગુર્જર પતી ગુણવાન. તપો તપો.
નીતી તણું નીત નાવ ચલાવો, દેત સદાવ્રત દાન. તપો તપો.
ધર્મ દયાની ધજા ફરૂકે, સાધુ પામે સનમાન. તપો તપો.
સોલંકીમાં પ્રગટ શીરોમણી, સુખ છે મેરૂ સમાન. તપો તપો.

યશોવર્મા ઉપર લડાઇ કરવાની વાત પ્રધાનને કહી સીધરાજ ઠાકો આપે છે તેથી.

---

**પ્રધાનજી—** (અબળીય મહેળાત તોડી એ, રાગ)

માફ કરો અપરાધ માહરો, પ્રજાના પાલનહાર;
તમ મત વીના (૨) રૂશવત આપી અપાર. ટેક.
મેં જાણ્યું બાળ, (૨) છો વાસુકીની જાત;
છંછેડયાથી સડપ દઇને, કરે જીવની ઘાત.
સોલંકી વંશ (૨) માં શીરોમણીની છાપ;
કેડ કરે જેમ ત્રીપુરા શુરશું, શીર ચડાવે ચાંપ;
તે રાગબાણુ (૨) એ કદી ફરે નહીં પાછું;
લડવા લાગ ઘણી ક્ષત્રીને, કાંઈ ન રાખે? કાચું.

---

સીધરાજ— (ક્રોધથી). રાગ ક્ષત્રી કલંકનો.
ચંદ્રગાની આગળ શુ શીયાળ, રજપૂત કેમ રણથી ડરેરે;
કુદી પાડોને કાળ વિકાળ, સેન્યા મધ્યે સાવજ પડેરે.
ભડે ભારથમાં ભીમસેન. રજપૂત.
પાછુ પગલું કદી તે ભરેન. રજપૂત.
રોપે રાક્ષસો પાડે રીડ. રજપૂત.
ચીત માંહે આવેછે ચીડ. રજપૂત.
લોહ કોઠીમાં ગરે તતકાળ; રજપૂત.
કેમ છોડે માથે ફરે કાળ. રજપૂત.
ગળે રાહુ શશી ખગ્રાસ. રજપૂત.
તેમ ઘેરી પમાડું ત્રાસ. રજપૂત
કોણુ લંકાપતી કોણુ રામ. રજપૂત.
વીણી વીણીને મારૂં હામ. રજપૂત,
લેવું માળવ દેશનું રાજ. રજપૂત.

સીતોં નામ જાણો સિધરાજ. રજપૂત.

પ્રધાનજીને લડાઇને માટે તાકીદ કરેછે તેથી

---

પ્રધાનજી—[ કહું કયા, ફલકકા સતાયા હું મે એ રાગ]

ખરી ક્ષત્રીવટ પ્રગટેલી જોઈ; નથી સમોવડ આપની કોઇ ટેક.

સુરો ચડે જ્યારે રણુ સંગ્રામે, આપ બળેથી નાખેછે ધોઇ. ખરી.

પહેલે ઘાએ કદી ન હારે; આખર દુસ્મન જાશે રોઇ. ખરી.

કહું બહોળઅરું લડવા કેરો, માફ માગુ મેં આબરૂ ખોઈ. ખરી.

સોલંકીમાં પ્રગટયા શૂરા, લંપટખોરનું પીવાને લોઇ. ખરી.

પ્રધાન સેનાપતી અને કેટલાક સુરવીરને હાજર કરે છે તેને જોઇ રસ્ને

---

સીધરાજ—[ચાલો ચાલો ચાલો આજ એ રાહ]

આશા બાળ બચ્ચાંની થાય; જેને હોય તે પાછો જાય;

કાયર શૂરો નવ કહેવાય; નીમકહ્લાલીમાં નીગાય.

સામંતો—હાડ પીંજર આ આપનાં જાણો, અદેશો ન મનમાં આણો;

ઢાલ બંદુકને બરછી બાણો, ઘેરી રીપુના વાળશું ઘાણો.

સીધરાજ—નથી નગારાં ઉધા વગીયાં, બેશક સોસં કીછે બળીયા;

તનના તાપો સર્વે ટળીયા, મોટા શુરા આવી મળીયા.

સામંતો—દુશ્મોની ભીડમાંએ, માથે મેલ શુરો થાય;

ઉરવશી આને વરાએ, સ્વર્ગ પંથમાં પળાય.

સીધરાજ—રાક્ષસોની રીડ તેગ, રાગદ્દત બીવે કેમ;

રણુ યુધ્ધે ન રાખે રહેમ, પત્ની કેરો છોડી પ્રેમ.

સાગરો—બ્રાહ્મણ જળથી ભાગી જાય; શુરો રણ સંગ્રામે કાય;
વૈશ્ય દ્વિજો વેપારે થાય; કાયર નર તેનો કહેવાય.
(ગાળવાગાં ધારા નગર જઈ યશોવર્માને ખબર આપેછે તેથી.

---

**યશોવર્મા**—[ પ્રધાન પ્રત્યે પત્ર વાંચી] બંનજારો.
આમાં વેણ લખ્યાં બહુ કડવાં, સિધરાજ આવ્યો છે
હવે સૈન્યા મધ્યે ચડવા, નવ વઢગે કહેવાશું ભડવા;
નકી એ આવ્યો છે નડવા, આમાં વેણ લખ્યાં છે કડવાં.

---

**પ્રધાનજી**—(ધન્સે યાંન કોન ખુદા કે લીય લાયા મુજકો એ)
હુકમ જે આપ કેરો હોય તે માથે ઉઠાવું;
આવ્યાછે વેર તે લેવાને સિદ્ધરાજ ફાવ્યું.
કરો ચઢાઇ આંઇ કાંઇ નથી, ખોટ પડી;
શુરા તેડાવો સર્વ, આપ કેરા આજ ઘડી.
યશોવર્મ સેનાધીપતી વીગરેને બોલાવીને.

---

યશોવર્મા— ( ચાલો ચાલો ચાલો આજ )
ધારા નગર લીધું છે ઘેરી, વાટમાં ઉભા છે વેરી;
હેરણું લીએ છે હેરી, સર્વને નાખો ખંખેરી.
સેનાધીપતી વગેરે-સમશેરો બંદુકો સાથ, ઢાલ શરો ચડાવી હાથ;
કરી લડાઇ રીપુની ઘાત, ચાલે દુનીયામાં આપણી વાત
યશોવર્મા—માળવા દેશછે મોટો, ચઢી આવ્યો શત્રુ આ ખોટો;
ગોળા ઉડાવો ફરશે ગોટો, જંગજોનો મોટો જોટો.

શ્રીપતી—અર્પણ કરવા આપને પ્રાણ, એક એક રાખું એંધાણ
બખતરો પહેરીને બાણ, મારી મારી મુકાવો પ્રાણ.

લડાઈ શરૂ થાયછે તેમાં યશોવર્મા હારે છે તેને જીવતો પકડી ...ધરાજ અણહીલપુરમાં રાતશર માન આપી રાખી કેદખા... છે. તેવામાં કોઇ બારોટે ખબર આપ્યા તમારી સ્ત્રી રા... જુનાગઢનો ખેંગાર કરી ગયો છે અને તેને બે પુત્રો છે તે સાંભળી સીધરાજ સોરઠ ઉપર લડાઇ કરવા પોતાની પ્યારી મધુમુખી પાસે રજા માગેછે.

---

## રાગ ગોપીચંદનો.

સીધરાજ—સુણ પ્યારી મારે, લડવા જાવું છે સોરઠ દેશમાં;
મધુમુખી—નથી લડવા જાવું, જોબન મારૂં છે બાળા વેશમાં.
ભરજોબન ભરથાર વીના આ, જોબન ઝોલાં ખાય;
રંગ મહીં નહીં ભંગ પડાવો, શીતળ છોડી છાંય. નથી.
સીધરાજ—યશોવર્મ માળવનો રાજા, ધારા નગર સુજાણ;
તેને કેદ કરી રાખ્યો છે, જીતી મેં નીરવાણ. સુણ.
મધુમુખી—જાય ઘડી મુજ એક વર્ષની, તમ વીણ તલખે પ્રાણ;
પ્રેમ બાંધીને પ્યારી સાથે, જાઓ ન ચતુંર સુજાણ. નથી
સીધરાજ—માળવ રાજ કર્યું મેં ચક્રવે, ઉતર હીંદુસ્થાન;
દક્ષીણ મારી ફરે દુવાઇ, કોલ્હાપુર સંસ્થાન. સુણ.
મધુમુખી—વાત સુણીને લડાઇ કેરી, ત્રાસ પડે તનમાંય;
સૂતો સાપ તમે ન જગાડો, ધમ્યુ કનક ધુળ થાય. નથી.
સીધરાજ—કચ્છ દેશ ઉતર અચળેશ્વર, મારી ફરે દુવાઈ;

આબુ ને ચંદ્રાવતી નગરી, ત્રાસ પડે તનમાંય. સુણ.

મધુમુખી—ડાટયાં દુઃખ તમે ન ઉખેળો, એ મારો અભિપ્રાય;
સૂબની પીંજણ સદા પીંજતા, કેમ કગતડી ખાય. નથી.

સીધરાજ—ગરવો આ ગુજરાત દેશછે, અણહીલપુરનું રાજ;
ખર જેવો ખેંગાર ગણુંછું, દીલમાં ઉઠે દાઝ. સુણ.

મધુમુખી—આપ આપની બાલની અંદર, ગર્ધબ છે ગરતાન;
રાણી કરી ખેંગારે રાચી. તજે એહું પકવાન. નથી.

સીધરાજ—રાણી, સીને એમ લગાડીશ, બાગ જવાળ બ્રહ્માંડ;
જર જમીનને જોરૂ તની, વીશ્વ મહીં વઢવાડ. સુણ.

મધુમુખી—મનને ગમતુ લાગે મીઠું, તેના કરવા તોલ;
કપોત સુકા કાંટે બેસી, કરે નીત્ય કલ્લોલ. નથી.

સીધરાજ—માતર બાગળ જતાં શીયાળો, ડરી ભાગશે દુર;
નીશ્ચય મારે લડવા જવું, સૈન્ય કરું ભરપુર. સુણ.

મધુમુખી—પનાના કાળે બની ગયું છે, એગર માટ કહું આજ;
કાણ ફૂટી જોગો ગદ્દ બેઠો, મરે કેમ મહારાજ. નથી.

સીધરાજ—પ્રણ મારી પ્યારી તુજને, જીત થશે મુજ આજ;
કોટ તસા આ કલ્પ ફરે પણ, છોડે નહીં સિધરાજ.

સીધરાજ સર્વ સુરા લઈ સોરઠમાં જુનાગઢને પાદર પડાવ નાંખ્યો અને ખેંગારને ખબર આપી તેથી ખેંગાર રાણીકદેવી પાસે.

---

ખેંગાર— સોરઠની ગઝલ. અગર (હરીગીત છંદ.)

(ગદ્મત્ સોચન ડોલતો આલાને કામ આપે કોપતો એ.)

સીધરાજ, આજ, સગાજ, લઈ આવ્યો છે લડવા કારણે;

માટે મને જલદી થકી તમ દઈ રજા હું જઉં રણે.
તમ પ્યાર તેજ અપાર છે, નીરધાર નાણી મન ઠરે;
કીરતાર કોપ થનાર, બનવા કાળ તે બનશે ખરે;
સામંદ સુરા કરું સાંબદા, સગશેર ઢાલ તૈયાર છે;
ગીરનાર ગઢ જુનો હવે, ખેંગાર વિજય થનાર છે.
દતા ત્રી દીન દયાળ, જન રખવાળ, રક્ષા કર સદા;
આશા તમારી એક છે, લજ્જા રહીત રહું સર્વદા.
પાદર વીશેજ પડાવ નાખ્યો, ઘેર્યો સોરઠ દેશને;
અંને પ્રતાપી પુત્ર તેને, જાળવો પરમેશને.
કદાચ આવું કામ રણ સંગ્રામ, કામ આવી ઘરૂં;
સીધરાજ દિલની દાઝ, દેખી આજ દીલગીરમાં ફરૂં.

---

રાણીકહેવી— રાગ ઉપરનો.

હે પ્રાણનાથ. એ વાત, બોલ્યા, તાથી જવું વઢવા ખરે;
સીધરાજ મહા ગજરાજ, બહુંકી તે ગયેલ પુરૂં કરે.
નમવું જઈને નાથ, જોડી હાથ, તમને દિન નિશા;
નમ્યું તે ગમ્યું ઇશ્વર કને, ખરે લાભ આપે લખવસા.
માટે નમીને વાત કરવી નાથ, વિનય થકી વદી;
શું કયું કહી ન ગણાય, ખોટયું અંન ખાશે નહીં કદી,
નહિકર ગીરી ગુફા ઘણી છે, નાશી જઇએ નાથજી;
હાસી દયા દીલમાં ધરી, જોડી કહું બે હાથજી.

શૃંગાર—(જુસ્સાથી)  રાગ ક્ષત્રી કલંકનો.

મીથ્યા બોલન આળ પંપાળ, સોરઠ પતી છુપે નહીરે,
એ છે સીંહનો ભક્ષ શીયાળ, સોરઠ પતી છુપે નહીરે.
કાયર વેણ ન કાઢ લગાર; સોરઠ.
મારો જુનાગઢ ગીરનાર; સોરઠ.
લાજે લાજે ક્ષત્રીની ગાત. સો૦
વેરી કરૂં દુરજનની ઘાત. સો૦
ક્ષત્રી શૂરો મૂકે મરજાદ. સો૦
વરસે વીજળીમાં કેમ વરસાદ. સો૦
શર પાછો ન આવે પથ. સો૦
જળ સ્થળ લોપીને કદી જાય. સો૦
મુકે સાગર માઝા કેમ. સો૦
જળ વહે ગંગાનુ જેમ. સો૦
ઉદય આરત થાય છે ભાણુ. સો૦
ભર્યા નીર ખુટેછે નવાણું. સો૦
આખર નામ ધર્યું તેનો નાશ. સો૦
એમ ધારી કરો ન ઉદાશ. સો૦
રજા માગેછે રાખેંગાર. સો૦
મારી પ્યારી લગાડ ન વાર. સો૦

---

રાણક દેવી—(પીયુને તજાવનાર વેરી અલંકાર એ)

પ્રાણનાથ પ્યારા મારા, આત્મના આધાર;
મડ઼ાપર આકું મારો, એ ન ખમું માર.

ખોળે નાનાં બાળ તેને, છોડીને આ વાર;
દાવાનળ દેખી મને, ચીંતા છે અપાર.
દરીયા કાંઠે નાવ આવ્યું, ડુબાવો ન આજ;
પ્રેમતણી પાજ બાંધી, દાસે ઉઠે દાઝ.
માંડ માંડ કરીને હું ઠરી બેઠી ઠામ;
આવું ચિતર્યાં બેમી ગાંગી ભાગ્યા ઉડયા આમ.
કાળનો જે કાળ મહાકાળ, સીધનાજ;
તેનો તમને ઝીની જશે, નાસી જશો નાથ.
દીપ અહો ફરે પડ્યું, જોડું બન્ને હાથ.
પેટ ચોળી સુળ કેરો, ઉપાય ન કરો
ધીરધરી વાણ સુણો, વીનતી ધરો.

રાહ પંમાર—(મી-જગ્યા)

(સરકાર રજા દોજીયે જામીનગારડુંએ રાગ) અથવા આશાવરી
જોગીઓ.

હાલવા કેરી હામ મારે, દો રજા આવાર;
ગઢ જુનાને ગાળ બેસે, ન લગાડો વાર.
ક્ષત્રીવટને ખોટ બેસે, નાસી જઉં જો દૂર;
કોટ કોટી કલ્પ થાય (ખાપુ) ધર્મના અંકુર.
કોણ તાત કોણ માત, કોણ ભ્રાત મૂળ;
પંચભુતી પૂતળું તે, આખર જાણો ધુળ.
હેણુ દેહને સબંધે, સર્વ ભેગું થાય;
જેમ સગાંધ હુટે ત્યારે, તેહ પીટી જાય.
કાયા કાચો કુંપ જાણો, જન્મ્યા મરી જાય;

જળ તરંગ ઉદય અસ્ત, ખીલે તે સુકાય.
માયારૂપી આ પછેડો, ખોલી દે આ વાર;
જ્ઞાન સુર્યનો પ્રકાશ, વ્યાપશે અત્યાર.
પુત્ર આ બંનેની, ભલામણ દઉં તને;
જો કદાચ કામ આવું, સંગ્રામે બને.

તરફડી જાય છે.

સીધરાજ પોતાના સેનાધીપતી તથા શુરવીરોને લઇ ઉભા છે ત્યાં

---

રાખેંગાર— (ચાલો ગાલો ચાલો આજ એ)

સોરઠ શુરા ચડો રણે, ખોટી ન થાવું એક ક્ષણે;
હટાવી શત્રુને હણે, વરે અપસરા ત્યાં કણે.

બહાદુરસીંહ—ગુર્જર પતીની શુ ગુંજાશ, આ તલવારે પમાડું ત્રાસ;
જથાગંધી જેમ કાપે ઘાસ, તેમ કરૂં શૂરાનો નાશ.

શમશેર બહાદુર—બાણ બરછી ભાલું હાથ, કુદી પડું ગોતી એકાંત;
વીણી વીણી કરવી જે ઘાત, જામે ખલકમાં આપણી ખ્યાત.

રાખેંગાર—ખરા ખરા ખરા શૂરા, પાયમાલ કરી કરો પુરા;
મારી કાપી કરવા ચુરા, ઝટકા તીરો છરી છુરા.

કાયરસીંહ—આ રચુજ પીપુડું બાળ, વાટ જુવે ઘેર બૈરી બાળ;
ઘરમાં બેસી રોટી દાળ, સુખે ખાશું સૈ બાળ ગોપાળ.

એટલામાં સામે આવીને પોતાના લશ્કરને

સીધરાજ— રાગ ઉપરનો.

તુટો તુટો કત્તલ કરો, હૈએ અતી હીંમત ધરો,
ચડે રણે ખરે શૂરો, પેમાલ કરી કરો પૂરો.

**આટંકી**—સાવજને શીયાળ ગો તે, મારી નાખું કુત્તાને મોતે;
કહો તો મારૂં સન્ય સોતે, એકલો હું લડીને પોતે.

**સોધરાજ**—સુર ગગન મંડળથી તારા, દુશ્મન હણીને લેવી દારા;
જે ગણે પાછા પોબારા, મોકલો તેની વાંસે મારા.

**આટંકી**—આપત જુવે ન આપણે જાવું, ખગ ધણીનું અંગ ખાવું;
રણશીંગા કહો તો વગડાવું, હુકમ કરો તો હમણા આવું.

**સોધરાજ**—ખુટયા નથી ક્ષત્રીનાં પાણી, મૃગ નેણી એ મુખે ગાણી;
ફરી પાડો રાખો એંધાણી, છેલ્લી મારી એજ પાણી.

લડાઈમાં ખેંગારનું મરણુ થાય છે પછી સોધરાજ રાણીકદેવીના મહેલમાં જઇ.

**સોધરાજ**— લાવણી. (ઓ કુદરતના કરનાર ખલકના સ્વામી એ)

હે પ્રાણવલ્લભા સાંભળ, મારી પ્યારી;
મને દીલ લગાડયો ડાગ, પીડા અતી ભારી.
જે કરેલ વેવીશાળ, સુણો કહુ તમને;
તમે કીધી ઘાત વિશ્વાસ ખરેખર અમને.
મીઠા મેવા પકવાન, તજીને નારી;
તમે આપ બળેથી, કર્યા પતી દુઃખદારી.
થઈ જાઓ હવે હુશીયાર, પ્રાણની પ્યારી;
છે પુનર્લગ્નની આશ, મને દીલદારી;
મેં માર્યો રાખેંગાર, જુનોગઢ ઘેરી;
જીત્યો સોરઠ ગીરનાર, વન કર્યું વેરી.

**રાણીકદેવી**— (ખેંગારનું મરણું સાંભળી) મરશીયો.

હાય હાયરે આરે ગજબ તે શો થયો;

આરે ગજબ તે શો થયો, સોરઠ પતી ખેંગાર સ્વર્ગે ગયો રે હાય.
પડ્યું પંખી પારાધીને હાથે, નહીં છાંડ્યું કદી કોઈ વાતે;
દયા નાવી કસાઇ કેરી જાતેરે. હાય હાયરે.
ખોટું થયું ગયું સુખ ખાડે, બાપા બાપા કહી બુમ પાડે;
મારાં બાળક વરતે છે વાડે રે. હાય હાયરે.
પાછા સ્વર્ગેથી પીયુ પધારો, વાલી દાસીનાં માન વધારો;
પીયા દુખના સુણીને પુકારે. હાય હાયરે.

સીધરાજ— વસત તીલકા છંદ.

પ્યાસી હતો, ફડી ગયો વનવાસ, પ્યારી;
તે છોડ સંગ કર આજ સુપાત્ર યારી.
આનંદ સાગર ભર્યો ઉરમાં વિચારૂં;
તૃપ્તી કરો સુખદ અમૃત પાન પ્યારૂં.

રાણકદેવી— સોહાનો કનરો (ઇંદ્રવિજે છંદ.)

શંકર જોગ સમાધિ તજી અગિ, જાય કદાચ મુકે નિજ માઝા;
શેશ ધરી ધરતી કદી તે. ફરિ જાય આકાશ ગહીં ધ્રવ રાજા;
જાય રસાતળ વીશ્વ કદાચ શશી સુરતે ફરતાં દિન ઝાઝા,
રાણીક રાયખેંગાર તણી નહી અન્ય ધણી મુજ હે સિધરાજા.

સીધરાજ— રાગ ભેરવી (મનહરછંદ).

કોણ ગુજરાત દેશ, કોણ છે સોરઠ દેશ;
માળવામાં આણ ફરે, મારૂં ધારા શેહેર છે;
કચ્છ દેશ અચળેશ્વર, ચંદ્રાવતીના પરમાર;
આધીન આણુને કર્યો, અતી લીલા લ્હેર છે;

દક્ષીણે અમલ મારો, કોલ્હાપુરે બીક મારી;
માટે પ્યારી તારા વીના, જીવતર ઝેર છે;
ચંદન ચડાવી એ તે, શકર સમાન જાણો;
અર્પણ કરોને અંગ, કેટલીક દેર છે.

રાણીકદેવી— ત્રોટકછંદ.

સુજે ભ્રાત બરાબર હોજ તમે, નવ વાત કરો નૃપતી ન ગમે;
ઘૃત હોમ કરો બળતાની ગદીં, સતી આપ થશે તગનેજ સદી.
(સીધરાજ ક્રોધ ચડાવી તેના એક પુત્રને મારી નાખે છે તેથી
બ ખોળાગાં લઈ.)

રાણીકદેવી— લલીત છંદ.

અરરહે પ્રભુ, આશું તેં કીધું, રતન રાંકનું, આંચકી લીધું;
હરખમાં હતાં, શોકમાં કરે, સુણ નર ખરે, સુટીયું અરે;
દુઃખ તણા મહા, ડુંગરા દડયા; દિન મનુષ હું, દુઃખમાં પડયા;
સદ્ય શોકનો, સીંધુ રેલિયો, સ્વગમાં થઈને બધુ બોલિયો,
શરણ તાહરે, આવાયો અરે; દુઃખશને પ્રભુ, આપ આશરે,

સીધરાજ— લલીતછંદ.

નવ ગળે સુવા, કોટ વાતથી; અકળ છે ગતી, ઇશ્વરી, અતી.
વિદુર વ્યાસને, વાલ્મિકી હતા, સદ્ય શાસ્ત્રમાં, કે ગયા કથા.
પુરવ ખેલના, પુન્યગે બળે; મનુષ્ય દેહ આ પ્રાણીને ગળે;
વર હવે મને, શાંન્ત હું થઉ, તુજ વીયોગ હુ કોણને કહું.
રાણીકદેવી કઠોર વચન કહેછે તેથી બીજા પુત્રને મારી નાંખે છે
બંનેની પાસે બેશીને

**રાણકદેવી—દાલીંગડાની ઢપ ચાલ દાદરો.**

પુત્ર હે પ્રતાપી મારા આતમના આધારા,
દુષ્ટ થઈ દગે હણ્યો અરે તનેરેજી;
બાળ કાળે માત મુવે, આતમના આધારા.
વૃધ કાળે પુત્ર મુવે, દુઃખ મનરેજી.
દેખાં આ કસાઇ દયા નાવી દીલમાંએ.
ઉગતો ફિંગળ્યો છોડ, કુમળોરેજી,
અપરાધી હતી હું કહી, હણી હોત મુજને;
તે ગણી દીલગીર મારો જીવ બળ્યોરેજી.

સોનરાજ તેને આલીંગન દેવા જાયછે ત્યાં જુસ્સાથી

**રાણકદેવી—** રાગ ધાનીકનકનો.

આડો વાળી દીધો તેંતો આંક, સતીનો ટેક નહિ તજેરે
તારી કારી ફાવે નહી ટાંક. સતી.
ક્યાં ગયા ઇશ્વરના અંશ. સતી.
ક્યાં ગયો પાંડવના વંશ. સતી.
લોપે ક્ષત્રીના મરજાદ. સતી.
દીનતણી સુણો ફરીયાદ. સતી.
ક્યાં ગયા સીતાપતી રામ. સતી.
માર્યો લંકેશ્વરને ઠામ. સતી.
ઋષી ગૌતમ ગયા શું કાજ. સતી.
અહલ્યા સત ચુકાત આજ. સતી.
ફટ ગોઝારા ગીરનાર. સતી.
કેમ ડગ્યો નહીં આ વાર. સતી,
ડગમાં ડગમાં આતમ આધાર. સતી.

ખંદી કહ્યું વારંવાર. સતી.
થયો ખરેરો ખાંગો આત્યાર. સતી.
સોરઠપતી પડયો ખેંગાર. સતી.

**બીધરાજ**—શાંતપડી આશાગોડી.

ક્રોધ કામ રીપુ ભારી, શરીરમાંહ, કામ ક્રોધ રીપુ ભારી ટેક.
ક્રોધ ચડે જ્યારે કાયા નગર પર, ભ્રષ્ટ બને નરનારી. શરી.
ક્રોધ કરી જુવો રાકર રાએ, નાખ્યો તન નીજ મારી. શરી.
કીચક કામથી દ્રૌપદી સાથે, આખર થઈછે ખુવારી. શરી.
સતીપણાનાં ચિન્હ બતાવ્ય, નીશ્ચળ નીર્મળ નારી. શરી.

**રાણકદેવી**— આલ્હાની છંદ.

અનિતિ કરિ આનંદ; બાળકો સત્ય ભાર્યા;
તરૂણ નિરપરાધી; પુત્ર બંન્નેજ માર્યા;
જુલમ જુલમ આજું દુઃખ દીધું અમોને;
તનનિણ્ તન વંશ, શ્રાપ આપું તમોને;

**બીધરાજ**—( છથ-પામ ક્ષમા માગે છે )

રાગ સારંગની ગજલ.

(શેહેર બંગાલોયુ ઝુરે તાના ફોજ ઝુરે મહારાજ એ રાગ)
પાપ પ્રલય કર હે પરમેશ્વર, વિનતી છે મારી.
ક્રોધ રીપુએ કેરજ કરાવ્યા, બુરી કરી ભારી.
રાણકદેવી પતીવ્રતા છે, સતી ખરી ધારી;
શ્રાપ ચડાવ્યો શીરની ઉપર, ખલક કરી ખારી.
સતીપણાનાં ચિન્હ બતાવ્યાં, ફાવી નહીં કારી.
સોરઠ માથે છત્ર ચડાવ્યું; નિર્મળ તે નારી.
ભકત વત્સળ ભગવાનજી બેર; શત્રુ જાય હારી.
તૂણ ડુંગરપર પડે દોતા. તણાજ ચીનગારી.

**સમાપ્ત.**

હમીરરાજ ચોહાંણ અને વિરાંગના વિજયમતિ સતિનું ચરિત્ર વાંચો અને આનંદ પામો જેની અંદર ક્ષત્રીઓની અચળતા સતિક્ષત્રાણીઓની ટેક તથા તેના ચિત્તમાં શુરનો આવેશ તથા તમામ યુદ્ધથી એ વખત લડી નિરઅપરાધિ પવિત્ર ગૌનો વધ ન થવા અલાઉદ્દીન ખિલજીને કેદ પકડી પ્રતિજ્ઞા કરાવી વીગેરે શું લખવું વાંચીને કદર જાણો.

હમીરરાજ ચોહાંણ અને વિરાંગના વિજયમતિ સતિનું ચરિત્ર અમોને ભેટ મળ્યું છે તે વાંચી આનંદ ઉત્પન્ન થાય છે કે જેની અંદર આબેહુબ ક્ષત્રી ટેક વર્ણવેલી છે બુકની છપાવનારને કિંમત કાંઈ નથી. કિંમત રૂ. ૦—૮—૦

**લી. વનિતા વિનોદના વહીવટદાર.**

આ બુકને માટે મહાકિર્તીવંત મહારાજ ગોહિલપતિ ભાવનગર દરબારના ગુજરાતી કેળવણી ખાતાના ઉપરીસાહેબે ઘણોજ સારો અભિપ્રાય આપી મહારાજા તરફથી આશ્રય આપેલ છે તથા બુકો ઇનામને માટે મંજુર કરી છે.

**લી. મણીઆર બાલુભાઇ કહાંનદાસ.**

શ્રૃંગાર સર્વ રસથી વધારે પ્રિય હોય છે તો તેજ શ્રૃંગાર નામનું પુસ્તક બહાર પાડયું છે દિલને આનંદ આપનાર પતિ પ્રત્યેપ્રેમ ઉપજાવનાર દાંપત્યના પ્રેમરસનું ઝરણુ દર્શાવનાર છે.

**લી. બાલુભાઇ કહાંનદાસ મણીઆર.**

☞ આ બુકો ભાવનગરમાં મારી પાસેથી અને મહુવામાં જનરલ મરચંટ એન્ડ પબ્લીશર ભગવાનદાસ દુર્લભદાસ પાસેથી મળશે.

| બુકનું નામ. | કિંમત. |
| --- | --- |
| હમીરરાજ ચોહાંણ.............................રૂ. | ૦—૮—૦ |
| શ્રૃંગાર.............................................રૂ. | ૦—૪—૦ |
| સિધરાજ જયસિંહ..............................રૂ. | ૦—૨—૦ |

# જાહેર સૂચના.

---

આ ચોપડીનો તમામ હક કર્તાએ સ્વાધીનમાં રાખ્યો છે. તેથી હરકોઈ નાટક મંડળીએ ખેલ ભજવવો હોય તો કર્તાની મરજી ઉપર આધાર છે. આ બુક રચવા માટે પ્રથમ શ્રી જુનાગઢ નગર નિવાસી [illegible] મંડળીનો ખાસ આભાર હતો તેમ સાથે કરવાં [illegible] આવ્યાં હતાં વળી જાલંધરી નાટકનો ખેલ ભજવવા શ્રી દ્વારકા નૌતમ નાટક મંડળીના મેનેજર સાહેબ મારા મુરબ્બી શ્રીયુત ગીરધરલાલજી જુઠાભાઈને આપેલ છે તે ખેલ ધારે ધાર ઓકટોબરને ભજવી સારા પાયાપર ગણના બતાવશે એવી આશા રાખું છું વળી પૃથ્વીરાજ ચોહાણ નાટક મેં રચી બહાર પાડેલ છે તેની પ્રથમાવૃતી એક માસની અંદર ખપી ગઇ છે તેની બીજી આવૃતી સુધારા વધારાથી પુષ્કળ ગ્રાહક થવાથી છપાવી બહાર પાડવા ઉમેદ છે વળી પૃથ્વીરાજ ચોહાણ નાટકના ખેલ એ મંડળી ભજવી બતાવે છે તેથી આર્ય બંધુઓ ખેલ જોઈ ખુશી થશો વળી સિંધરાજ જયસિંહનો ખેલ પણ શ્રી દ્વારકા નૌતમ નાટક મંડળીને ભજવી બતાવવા ખુશી છું તેથી આ બુકના આધારે ખાસ મંડળીનું નામ દાખલ કરેલું શ્રી દ્વારકા નૌતમ નાટક મંડળીના તમામ ખેલો જોઇ અમે ઘણો સંતોષ માનીએ છીએ વળી આલીના ઠાકોર સાહેબ પાસે દેશાઇજી હરીપ્રસાદ પાસે આ મંડળી ઉંચા પ્રકારથી ખેલ કરી જશ મેળવેલ જોઇ ઘણા ખુશી થયા છીએ. મણીઆર બાબુકાનદાસ મારા મિત્ર હોવાથી આ બુકની બીજી આવૃતિનો હક તેને આપેલો છે.

જોશી ભીખારામ શવજી.